# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ ,ભેસ્તાન ,સુરત

Phone:: (0261) 2916003,2916040

E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org


જા.નં : ડાયેટ/રોલ પ્લે-લોકનૃત્ય/2025/-17097-17136 તા.29/09/2025

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક શાળા ( તમામ )

કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય (તમામ) તથા મોડેલ સ્કુલ (તમામ)

જિ.સુરત.

વિષય : જિલ્લા કક્ષાએ રોલ-પ્લે અને ફોક ડાન્સ યોજવા બાબત.

સંદર્ભે :જીસીઈઆરટી ગાંધીનગર પત્ર ક્રમાંક GCERT/PEC/2025-26/24544-645, તા.26/09/2025

જય ભારત સહ ઉપર્યુક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, એનસીઈઆરટી, નવી દિલ્હીના એનપીઈપી સેલ દ્વારા અને જીસીઈઆરટી, ગાંધીનગરના વસતિ શિક્ષણ એકમ પ્રેરિત જિલ્લા કક્ષાની રોલ-પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધાનું આયોજન ફક્ત સરકારી હાઈસ્કૂલ- ધોરણ-૯ અને કેજીબીવીના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું છે. આ અંગેની નીચેની વિગતો ધ્યાને લઈ સ્પર્ધામાં ભાગ લેવા એન્ટ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતને તા.17/10/2025 સુધીમાં ઇમેલથી dietsurat@gmail.com મોકલવાની રહેશે. ભાગ લેનાર શાળાએ સૌપ્રથમ શાળા કક્ષાએ સ્પર્ધા યોજયા પછી વિજેતા કૃતિને જિલ્લા કક્ષાએ મોલવાની રહેશે.

- **નેશનલ રોલ પ્લે કોમ્પિટિશન**

રોલ પ્લેમાં જિલ્લાની માત્ર સરકારી માધ્યમિક શાળા તથા કેજીબીવીના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ શાળાના યુનિફોર્મમાં ભાગ લઈ શકશે. રોલ પ્લે સ્પર્ધામાં વધુમાં વધુ પાચ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ માટેનો સમય પાંચ થી છ મિનિટનો હોય છે. રોલ પ્લે, રાજયમાં ગુજરાતી અને હિન્દી ભાષામાં હોય છે જયારે રાષ્ટ્રીય કક્ષાએ હિન્દી અને અંગ્રેજી ભાષામાં હોય છે. જુદા જુદા વિષયો...

- તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ (Growing up healthy)
- ભાવનાત્મક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય (Emotional well-being and mental health)
- આંતરવૈયક્તિક સંબંધ (Interpersonal relationship)
- મૂલ્યો અને જવાબદાર નાગરિકતા (Values and responsible citizenship)
- જેન્ડર સમાનતા (Gender equality)
- પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા (Nutrition, health, and sanitation)
- નશીલા પદાર્થના દુરૂપયોગનું નિવારણ અને વ્યવસ્થાપન (Prevention and management of substance misuse)
- સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન (Promotion of healthy lifestyle)
- પ્રજનન સ્વાસ્થ્ય અને એચ.આઈ.વી. નિવારણ (Reproductive health and HIV prevention)
- હિંસા અને ઇજાઓ સામે સુરક્ષા અને સલામતી (Safety and security against violence and injuries)
- ઇન્ટરનેટ, ગેજેટ્સ અને મીડિયાના સલામત ઉપયોગને પ્રોત્સાહન( Promotion of safe use of the internet, gadgets, and media)

Scanned with OKEN Scanner

પૈકી કોઈ એક વિષય પર રોલ પ્લે કરવાનો રહેશે. વિદ્યાર્થીઓને આવવા-જવા માટેનું બસભાડું, ટીમ દીઠ એક એસ્કોર્ટ ટીચરને સરકારી ધારાધોરણ મુજબ ટીએડીએ અત્રેથી ચૂકવવામાં આવશે. જો ટીમમાં છોકરા-છોકરીઓ બંને હોય તો એક પુરુષ અને એક મહિલા શિક્ષકને આવવાનું રહેશે.

• **નેશનલ ફોક ડાન્સ કોમ્પિટિશન**

ફોક ડાન્સ કોમ્પિટિશન માત્ર સરકારી માધ્યમીક અને કેજીબીવી શાળાઓ માટે જ યોજાય છે. ફોક ડાન્સ ધો.૯ના વિદ્યાર્થીઓ માટે છે. લોકનૃત્યમાં વધુમાં વધુ છ વિદ્યાર્થીઓનું જૂથ ભાગ લઈ શકશે. ગાયન-વાદન માટે બે શિક્ષકોની મદદ લઈ શકાશે. આ માટેનો સમય પાંચ થી છ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં વિષય (થીમ)ને અનુરૂપ ટ્રેડીશનલ ડ્રેસ હોય છે. ફોક ડાન્સ સ્થાનિક બોલી/ભાષામાં થીમ બેઇઝ હોય છે. વસતિ શિક્ષણના મુદ્દાઓને આવરી લઈ લોકનૃત્ય થકી માનવીય કૌશલ્યનો વિકાસ કરવાની સાથે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો હેતુ છે. રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધાના વિષય છે –

- પર્યાવરણનું રક્ષણ (રિફ્યુઝ, રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ)
- વૃદ્ધિ વિકાસ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય (Growing up Healthy)
- ભાવનાત્મક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય
- આંતરવ્યક્તિગત સંબંધ (Interpersonal Relationship)
- મૂલ્યો અને જવાબદાર નાગરિકતા (Values and Responsible citizenship)
- જેન્ડર સમાનતા (Gender Equality)
- પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા (Nutrition, Health and Sanitation)
- નશીલા પદાર્થના દુરુપયોગની રોકથામ અને વ્યવસ્થાપન (Prevention and Management of Substance Misuse)
- સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન (Promotion of Healthy Lifestyle)
- પ્રજનન સ્વાસ્થ્ય અને એચ.આઈ.વી. (HIV) નિવારણ (Reproduction Health and HIV Prevention)
- હિંસા અને ઇજાઓ સામે સલામતી અને સુરક્ષા
- ઇન્ટરનેટ, ગેજેટ્સ અને મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન (Promotion of Safe Use of Internet, Gadgets and Media)

આ વિષય-બાબતોને લોકનૃત્યમાં આવરી લેવાના રહેશે. રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ લોકનૃત્ય સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ. આ સ્પર્ધામાં ભારતીય સંસ્કૃતિ અને તેની પરંપરા લોકબોલીમાં હોઈ માનવીય મુલ્યોના ઘડતરમાં તેની સમસ્યાને વાચા આપવામાં ખુબ જ ઉપયોગી છે. વિધાર્થીનીને આવવા-જવા માટેનું બસ ભાડું, ટીમ દીઠ વધુમાં વધુ બે શિક્ષકોને સરકારી ધારા ધોરણ મુજબ ટીએડીએ અત્રેથી ચૂકવવામાં આવશે. જો ટીમમાં છોકરા છોકરી બન્ને હોય તો એક પુરુષ અને એક મહિલા શિક્ષકને આવાનું રહેશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધાઓની **સંભવિત** તા.11/11/2025, મંગળવારના રોજ રહેશે અને સવારે ૧૦ વાગ્યે (ફાઈનલ **તારીખ અને સ્થળની જાણ મોબાઈલથી કરવામાં આવશે)**

સંપર્ક : ચિરાગ જી સેઇલર, વ્યાખ્યાતા, જિ.શિ.તા. ભવન, સુરત મો. ૯૬૦૧૯૩૯૯૧૬

બીડાણ :- સંદર્ભ દર્શિતપત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

નકલ જય ભારત સહ જાણ થવા રવાના

1. પ્રોજેક્ટ ઓફિસરશ્રી, વસતિ શિક્ષણ એકમ, જીસીઈઆરટી, ગાંધીનગર
૨. બીઆરસી, યુ.આર.સી. કો.ઓર્ડી.શ્રી, તમામ જિ. સુરત(તમામ સરકારી માધ્યમિક અને કેજીબીવી શાળાઓને જાણ કરવી.)

Scanned with OKEN Scanner

24544 - 645

GCERT/PEC/2025-26/
Vidhyabhavan-Sector-12
Gandhinagar
Director: (Phone) 079 232 56808
Secretary: 079 23256813
e-mail: gcert12@gmail.com
Web : : www.gcert.gujarat.gov.in
Date: / /2025
2 6 SEP 2025

સત્યમેવ જયતે

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

વિષય:- જિલ્લા કક્ષાએ રોલ પ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધા યોજવા બાબત.
સંદર્ભ:- એન.સી.ઇ.આર.ટી.-ન્યુ દિલ્હીના એન.પી.ઇ.પી. વિભાગનાં એક્શન પ્લાન વર્ષ 2025-26

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે એન.સી.ઈ.આર.ટી., નવી દિલ્હીના એન.પી.ઈ.પી. વિભાગનાં શૈક્ષણિક વર્ષ 2025-26 માટેનાં એક્શન પ્લાન અનુસાર જિલ્લા કક્ષાએ રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન કરવા જણાવેલ છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી તેમના જીવન કૌશલ્યોના વિકાસ માટે પ્રયોગાત્મક અધ્યયન અનુભવો માટેની તકો પૂરી પાડવા માટે છે. તેમજ સમોવડિયા જૂથમાં રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા જેવી વ્યૂહરચના દ્વારા શાળામાં તારુણ્ય શિક્ષણનું અસરકારક વાતાવરણ નિર્માણ કરવાનો છે. આ કેન્દ્રીયકૃત સ્પર્ધા હોઈ ટોચ અગ્રતા આપશો.

➢ . રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાના વિષયો નીચે મુજબ છે.

<u>રોલપ્લે સ્પર્ધાના વિષયો:-</u>

- તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ (Growing up healthy)
- ભાવનાત્મક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય (Emotional well-being and mental health)
- આંતરવૈયક્તિક સંબંધ (Interpersonal relationship)
- મૂલ્યો અને જવાબદાર નાગરિકતા (Values and responsible citizenship)
- જેન્ડર સમાનતા (Gender equality)
- પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા (Nutrition, health, and sanitation)
- નશીલા પદાર્થના દુરૂપયોગનું નિવારણ અને વ્યવસ્થાપન (Prevention and management of substance misuse )
- સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન ( Promotion of healthy lifestyle)
- પ્રજનન સ્વાસ્થ્ય અને એચ.આઈ.વી. નિવારણ (Reproductive health and HIV prevention)
- હિંસા અને ઇજાઓ સામે સુરક્ષા અને સલામતી (Safety and security against violence and injuries)
- ઇન્ટરનેટ, ગેજેટ્સ અને મીડિયાના સલામત ઉપયોગને પ્રોત્સાહન( Promotion of safe use of the internet, gadgets, and media)

જિ.શિ, અને તાલીમ ભવન, સુરત
આવક નંબર : 1354
શાખા : D.R.U
મુ.કા./અધિવ્યાખ્યાતા/પ્રાચાર્ય
27/9/25

Scanned with OKEN Scanner

લોકનૃત્ય સ્પર્ધાના વિષયો:-

- પર્યાવરણનું સંરક્ષણ (Protection of Environment (Refuse, Reduce, Reuse and Recycle)
- વૃદ્ધિ વિકાસ અને તંદુરસ્ત સ્વાથ્ય (Growing up Healthy)
- ભાવનાત્મક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય (Emotional Well-being and Mental Health)
- આંતરવ્યક્તિગત સંબંધ (Interpersonal Relationship)
- મૂલ્યો અને જવાબદાર નાગરિકતા (Values and Responsible Citizenship)
- જેન્ડર સમાનતા (Gender Equality)
- પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા (Nutrition, Health and Sanitation)
- નશીલા પદાર્થના દુરુપયોગની રોકથામ અને વ્યવસ્થાપન (Prevention and Management of Substance Misuse)
- સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન (Promotion of Healthy Lifestyle)
- પ્રજનન સ્વાસ્થ્ય અને એચ.આઈ.વી. (HIV) નિવારણ (Reproduction Health and HIV Prevention)
- હિંસા અને ઇજાઓ સામે સલામતી અને સુરક્ષા (Safety and Security against Violence and Injuries)
- ઇન્ટરનેટ, ગેજેટ્સ અને મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન (Promotion of Safe Use of Internet , Gadgets and Media)

લક્ષ્ય જૂથ:- આ સ્પર્ધા રાજ્યની ફક્ત સરકારી માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ અને કે.જી.બી.વી.ના વિદ્યાર્થીઓ માટે જ છે.

➢ રાષ્ટ્રીય રોલપ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધાના સામાન્ય નિયમો અને માર્ગદર્શક બાબતો NCERT ની ગાઇડલાઇન મુજબ રહેશે.જે આ સાથે સામેલ છે.વર્ષ 2025-26 માટે નવીન ગાઇડલાઇન મુજબ સ્પર્ધાનાં તમામ સ્તરે રોકડ ઇનામ ન આપવા જણાવેલ છે.

➢ જિલ્લા કક્ષાએ ભાગ લેનાર શાળાઓની માહિતી મુજબ સુચિત ખર્ચની વિગત અન્યથા સ્પર્ધા પૂર્ણ થયા બાદ ખર્ચ પત્રક અત્રે મોકલી આપ્યા બાદ ડાયટસને રકમ ફાળવવામાં આવશે.

| ઝોન અને યજમાન ડાયટ | રોલ પ્લે અને લોક નૃત્ય સ્પર્ધા માટે ઝોન દીઠ જિલ્લાની વિગત |
|---|---|
| ઝોન-1 ખેડા | અમદાવાદ-ગ્રામ્ય, અમદાવાદ-શહેર, આણંદ, ગાંધીનગર, ખેડા, સુરેન્દ્રનગર |
| ઝોન-2 સાબરકાંઠા | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, કચ્છ |
| ઝોન-3 પોરબંદર | અમરેલી, દેવભૂમી દ્વારકા, જામનગર,જુનાગઢ, ગીરસોમનાથ, પોરબંદર, રાજકોટ, મોરબી |
| ઝોન-4 વડોદરા | વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, નર્મદા, પંચમહાલ |
| ઝોન-5 તાપી | ભરુચ, નવસારી, સુરત, તાપી, વલસાડ, ડાંગ |

Scanned with OKEN Scanner

- જિલ્લા કક્ષાની રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા આગામી 15 નવેમ્બર 2025 સુધીમાં પૂર્ણ કરવા વિનંતી છે. આ સ્પર્ધાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે આગોતરું આયોજન કરશો
- સ્પર્ધા પૂર્ણ થયેથી રોલપ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ આવેલ કૃતિને સંબંધિત ઝોન અને જીસીઇઆરટીમાં મોકલી આપવાની રહેશે.
- ડાયેટ કક્ષાએથી ડી.ઈ.ઓશ્રી અને ડી.પી.ઈ.ઓશ્રી સાથે સંકલન કરી જિલ્લા કક્ષાની તારીખ નક્કી કરવાની રહેશે. જેની જી.સી.ઈ.આર.ટી.ના, વસતિ શિક્ષણ એકમને જાણ કરવાની રહેશે.

(ડૉ.એ.કે.મોઢપટેલ)
અધિક નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ :

1.રોલ પ્લે સ્પર્ધા માટેની ગાઇડલાઇન

2. લોકનૃત્ય સ્પર્ધા માટેની ગાઇડલાઇન

નકલ સવિનય રવાના:

માન.નિયામકશ્રી-જીસીઇઆટી,ગાંધીનગર

<u>નકલ રવાના- શાળા કક્ષાએ સુચના અને જરૂરી કાર્યવાહી સારું.</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, (ડાયેટ મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, (ડાયેટ મારફત)

Scanned with OKEN Scanner